
# ભોળા પંડયાના હાલ



એક જોષી હતા. એમનું નામ હતું ભોળા પંડયા. સૌ કોઈ એમને ઓળખે. ઘોડી પર બેસીને એ ગામેગામ જોષ જોવા નીકળી પડે. આંગળીના વેઢા ગણી જોષ પણ એવા જુએ કે બધું જ કહી નાખે.

ભોળા પંડયાની ઘોડી ટીલુડી કહ્યાગરી હતી. એના કપાળમાં ટીલું હતું, એટલે એમણે એનું નામ ટીલુડી પાડેલું. દોડવામાં એ કેવી સરસ હતી ? પણ પંડયા લગામ ખેંચે કે તરત એ થંભી જતી, અને એ ઊભી હોય ત્યાં પંડયા 'હો' કહે તો એ દોડવા માંડતી. એવી દોડે, એવી દોડે....

આજે પંડયા બીજે ગામ જતા હતા. એક જમીનદારને ત્યાં દીકરો જન્મેલો , એના જોષ જોવા જતા હતા. રસ્તે જતાં એમણે એક આંબાનું ઝાડ જોયું. એને થયું, 'લાવ, થોડી કેરીઓ ઉતારી લઉં. જમીનદારને આપીશું."

પણ કેરીઓ જરા વધારે ઊંચે હતી. ઝાડની આસપાસ કાંટાળી વાડ હતી; એટલે ઉપર ચડાય એમ ન હતું. ભોળા પંડયાને એકાએક ઉપાય સૂઝયો, 'લાવને મારી ટીલુડીની પીઠ પર જ ઊભો રહું. એ તો ઘણી ડાહી અને કહ્યાગરી છે.'

આમ વિચાર કરી પંડયા ટીલુડીની પીઠ પર ઊભા થયા. ટીલુડી પણ ડાહી બનીને ઊભી રહી પંડયાએ એક મોટી ડાળ પકડીને નીચી નમાવી અને પોતાના ખભા પરનો ઝોળો કેરીઓથી ભરી દીધો.

એ એમ ઊભા હતા ત્યાં જ એમને વિચાર આવ્યો, 'વાહ, મારી ટીલુડી કેવી ડાહી છે ! નથી એ હાલતી કે નથી એ ચાલતી. પણ રસ્તે જનાર કોઈ જો 'હો' બોલે તો ! તો તો મારા ઠાઠાં જ રંગાઈ જાય ! પછી મને ઘેર કોણ પહોંચાડે ?'

પંડયા વિચાર તો મનમાં જ કરતા હતા. ત્યાં એમનાથી મોઢેથી બોલાઈ ગયું, 'હોં' બસ, એ અવાજ સાંભળતાં વેંત જ ટીલુડી નાઠી. હાથમાં ડાળ હતી, એટલે ભોળા પંડયા જરા વાર ટીંગાઈ રહ્યા. પછી તરત જ એક ઝોલો ખાઈને નીચેની કાંટાળી વાડમાં પડયા.

એમના આખા શરીરે કાંટા ભોંકાઈ ગયા. પછી કેમે કરીને એ કાંટાળી વાડમાંથી બહાર નીકળ્યા. હવે જ એમને સમજાયું કે મનમાં આવે તે બોલી નખાય નહીં. 'ના બોલ્યામાં નવગુણ' એ વાતની એમને વાડમાં પડયા પછી જ પાકી સમજ પડી ગઈ.

લેખક : સ્વ શંભુપ્રસાદ ભટ્ટ